રાજ્યમાં ૩૯૪ નવા કેસ, ૨૩ના મોત

૩૯૪ પૈકી ૨૮૦ કેસ અમદાવાદમાં નોંધાયા : પોલીસ કામગીરીમાં અવરોધ ન કરવા અનુરોધ

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં કોરોનાનો આતંક સતત વધી રહ્યો છે. આરોગ્ય વિભાગના સચિવ જયંતિ રવિ કોરોના અંગે માહિતી આપી હતી. કેસોની સંખ્યાને જોતા શનિવારે એઈમ્સના ડાયરેક્ટરે પણ અમદાવાદમાં સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી અને કેસો અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૪ કોરોનાના પોઝિટિવ કેસ નોધાયા છે અને ૨૧૯ લોકોને ડિસ્ચાર્જ કરાયા હોવાની માહિતી આરોગ્ય વિભાગ અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આપી હતી. રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસોનો આંકડો ૭૭૯૬ પર પહોંચ્યો છે. રાજ્યમાં અન્ય રાજ્યનો એક દર્દી પણ સારવા લઈ રહ્યો છે. સાથે ૧૦ દિવસમાં કોઈ લક્ષણ ન હોય તો ડિસ્ચાર્જ કરવાની નવી પોલિસી કેન્દ્રની ગાઈડલાઈન મુજબ આપવામાં આવી છે. ગુજરાતની મુલાકાતે આવેલા છૈંસ્જી નવી દિલ્હીના ડાયરેક્ટર અને વરિષ્ઠ તબીબ ડૉ. રણદીપ ગુલેરીયા અને ડૉ. મનીષ સુનેજા આજે બપોરે ૪ વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત બેઠક યોજી હતી. રાજ્ય પોલીસવડાએ જણાવ્યું છેકે, લોકડાઉનને અસરકારક બનાવવાની પોલીસની કામગીરીનો અમુક અમસાજીક તત્વો દ્વારા વિરોધ કરીને કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ લોકોને કડક સંદેશ આપુ છુંકે આવી પ્રવૃત્તિ કોઈ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. આવા લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમને શોધીને તેમની ધરપકડ કરી શક્ય તેટલી કડક કાર્યવાહી કરવામાં આવશે. લોકોને મારી અપીલ છેકે પોલીસની કામગીરીમાં અવરોધ ઉભો ન કરો. પોલીસ પર હુમલો કરનાર કોઈપણ આરોપીને છોડવામાં આવશે નહીં અને લોકડાઉન દરમિયાન બનેલી પોલીસ અને વહીવટીતંત્ર પર હુમલાની ઘટનામાં પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી છે. આવા કુલ ૨૮ ગુનામાં ૬૪ આરોપીને પાસા હેઠળ જેલ હવાલે કરવામાં આવ્યા છે. ઉદ્યોગો માટે મહત્વની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં ઘણા ઉદ્યોગો એવા છે જે ગુજરાત ગેસનો ઉપયોગ ઉદ્યોગો માટે કરે છે. મોરબીમાં સિરામિક ઉદ્યોગ અને સાઉથ ગુજરાતના નાન ઉદ્યોગો, સૌ ઔધ્યોગિક ગ્રાહકો માટે ચાર મહત્વના નિર્ણય લીધા છે. ગુજરાત ગેસના ગેસ વાપરતા હોય માર્ચના બીજા પખવાડિયામાં જે કોઈપણ બીલ ડ્યૂ થતા હતા એ તમામ બીલોની ડ્યૂ ડેટ ૧૦મી મે કરવામાં આવી છે. ૧૦ મેના દિવસે ગેસના ચાર્જ ડ્યૂ થાય તેને ભરવા માટે ૨૩ જૂન સુધી ૧૫ દિવસના ચાર હપ્તા કરી આપવામા આવ્યા છે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને એપ્રિલ મે અને જૂન ત્રણ મહિના માટે એમજીઓમાંથી ઉદ્યોગોને મુક્તિ આપવામાં આવી છે. હાલમાં કેરીની સિઝન પુર બાહરમાં ખીલેલી છે ત્યારે મોટા ભાગના લોકો કેરીને સુંઘીને ખરીદી કરતાં હોય છે. જેના કારણે ભાવનગર મનપાનું તંત્ર એલર્ટ બની ગયું છે અને આરોગ્ય ચકાસણી કરવામાં આવી રહી છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૫૫૪૦	૩૬૩	૧૧૦૭
વડોદરા	૪૯૩	૩૧	૨૫૦
સુરત	૮૫૪	૩૮	૪૩૫
રાજકોટ	૬૬	૧	૨૬
ભાવનગર	૯૪	૬	૨૭
આણંદ	૭૭	૬	૪૬
ભરૂચ	૨૮	૨	૨૫
ગાંધીનગર	૧૧૯	૫	૨૦
પાટણ	૨૪	૧	૧૫
પંચમહાલ	૫૯	૪	૯
બનાસકાંઠા	૭૭	૩	૨૫
નર્મદા	૧૨	૦	૧૨
છોટા ઉદેપુર	૧૪	૦	૧૩
કચ્છ	૭	૧	૫
મહેસાણા	૪૨	૧	૮
બોટાદ	૫૩	૧	૧૩
પોરબંદર	૩	૦	૩
દાહોદ	૨૦	૦	૨
ગીર-સોમનાથ	૪	૦	૩
ખેડા	૨૯	૧	૪
જામનગર	૨૩	૨	૦
મોરબી	૧	૦	૧
સાબરકાંઠા	૧૭	૨	૩
અરવલ્લી	૭૧	૨	૧૬
મહીસાગર	૪૪	૧	૮
તાપી	૨	૦	૨
વલસાડ	૬	૧	૪
નવસારી	૮	૦	૭
ડાંગ	૨	૦	૧
સુરેન્દ્રનગર	૧	૦	૧
દેવભૂમિ દ્વારકા	૪	૦	૦
જૂનાગઢ	૨	૦	૦
અન્ય રાજ્ય	૧	૦	૦
કુલ	૭૭૯૭	૪૭૨	૨૦૯૧

ઉદ્યોગ ગૃહોના ગેસ બિલની ડ્યુ ડે ૧૦મી મે સુધી કરાઈ

ગુજરાત ગેસ આધારિત ઉદ્યોગો માટે નિર્ણય : ઉદ્યોગ ગૃહોને વિલંબિત ચુકવણી ઉપર ૧૮ ટકા વ્યાજ લેવાતું હતું તે ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવ્યું : સરકાર

ગાંધીનગર,તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ઉદ્યોગકારો માટે પ્રવર્તમાન કોરોના વાયરસને કારણે ઊભી થયેલી લોકડાઉનની સ્થિતિમાં રાહતરૂપ જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ જાહેરાતોની વિગતો આપી હતી. મુખ્યમંત્રીએ રાજ્યમાં મોરબી સિરામિક સહિત જે ઉદ્યોગો ગુજરાત ગેસ કંપની લિમિટેડના ગેસનો વપરાશ પોતાના ઉદ્યોગ એકમોમાં કરે છે તેમને ચાર જેટલી રાહતો આપી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં આવી જે કંપનીઓ ગુજરાત ગેસ લી.નો ગેસ વાપરે છે તેવી કંપનીઓને માર્ચ-૨૦૨૦ના બીજા પખવાડિયામાં જે રકમ ડ્યુ થતી હતી તે રકમ ભરવાની મુદત તારીખ ૧૦ મે સુધી વધારી આપવાનો નિર્ણય કર્યો છે. તારીખ ૧૦ મે ના ડ્યુ થતી રકમ હવે ૨૩ જૂન સુધી ભરી શકાશે અને આ માટે ૧૫-૧૫ દિવસના ચાર હપ્તા આપવામાં આવશે. વિજય રૂપાણીએ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય આવા ઉદ્યોગકારો માટે લઈને એવું પણ જાહેર કર્યું છે કે, ઉદ્યોગકારોને દર મહિને બિલમાં ભરવાનો થતો ફિક્સ ચાર્જ મીનીમમ ઓફ ટેક પ્રાઇસમાંથી પણ ૩ મહિના એટલે કે એપ્રિલ, મે અને જૂન માસ માટે મુક્તિ આપવામાં આવી છે. તેમણે એવી મહત્વની રાહત પણ આ ઉદ્યોગોને આપી છે કે, ગુજરાત ગેસ કંપની લિમિટેડના બિલની વિલંબિત ચુકવણી એટલે કે મોડા ભરવામાં આવે તો જે ૧૮ ટકા વ્યાજ વસૂલ કરવામાં આવતું હતું તે હવે ૧૦ ટકા જ વસૂલ કરાશે. મુખ્યમંત્રીએ રાજ્યના મોરબી, સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાતના નાના ઉદ્યોગો જે ગુજરાત ગેસ કંપની લિમિટેડનો ગેસ વપરાશ કરે છે તેમને હાલની લોકડાઉનની સ્થિતિમાં આર્થિક રાહત આપતા આ નિર્ણયો કર્યા છે. વિજય રૂપાણીએ નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ ગુજરાતમાં લાવીને વધુ લોકોને રોજગાર મળી રહે સાથોસાથ કામદારો-શ્રમિકોના હિતોનું રક્ષણ પણ થાય તેવી નેમ સાથે શ્રમ સુધારા લેબર રિફોર્મ્સની પણ કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં નવા આવનારા પ્રોજેક્ટ-ઊદ્યોગોને પ્રોડકશન શરૂ કરે તેના ૧૨૦૦ દિવસ સુધી લઘુત્તમ વેતન દર-મિનીમમ વેજીસ એક્ટ, ઇન્ડસ્ટ્રીયલ સેફટી રૂલ્સ તેમજ શ્રમિક અકસ્માત વળતર-કોમ્પેનસેશન એક્ટની જોગવાઇઓના અમલ સિવાય અન્ય એક્ટ્સના પ્રાવધાનથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં માત્ર વિદેશી કંપનીઓને જ નહીં પરંતુ ભારતના કોઈ પણ રાજ્યની કંપનીઓ તથા ગુજરાતના એમએસએમઇ એકમોને પણ લાભ મળશે. અશ્વિની કુમારે કહ્યું કે, ગુજરાતના વિકાસમાં પરપ્રાંતિયોનો સિંહ ફાળો રહ્યો છે એટલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંવેદનશીલતા સાથે જે પરપ્રાંતીયો પોતાના માદરે વતન જવા ઈચ્છતા હશે તે તમામને સુચારુ રીતે પહોંચાડવા માટેનું સમયબધ્ધ આયોજન કરી દીધું છે. સમગ્ર દેશમાંથી ગઈકાલે ચાર કલાક સુધીમાં ૩૨૭ ટ્રેનો દ્વારા જે શ્રમિકોને પહોંચાડવામાં આવ્યા છે તે પૈકી એકલા ગુજરાતમાંથી ૧૪૭ ટ્રેનો એટલે કે ૪૫ ટકા જેટલો હિસ્સો ગુજરાતનો છે.

મોડાસા ઘાંચી આરોગ્ય મંડળ ડાયાલીસીસ સેન્ટરના કર્મીને કોરોના પોઝિટીવથી હડકંપ

મૃતક યુવકની માતા સહીત ૩૦ જેટલા દર્દીઓનું ડાયાલીસી કર્યાનો ઘટસ્ફોઝ

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ બની રહ્યો છે. મોડાસા શહેર સહીત જિલ્લામાં કોરોના પોઝેટીવ દર્દીઓનો ગ્રાફ સતત વધી રહ્યો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસ વધતા શહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કોરોના વિસ્ફોટ યથાવત રહેતા વધુ ૪ કેસ કોરોના પોઝિટિવ નોંધાતા ૭૨ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે. મોડાસામાં-૨ બાયડના તેનપુરમાં-૧ અને ધનસુરાના બિલવણીયામાં-૧ કેસ પોઝીટીવ નોંધાયો છે. મોડાસા શહેરની અગ્રણી આરોગ્યલક્ષી સેવાઓ આપતી ઘી ઘાંચી આરોગ્ય મંડળ હોસ્પિટલમાં ચાલતા ડાયાલિસીસ સેન્ટરનો પ્રીત પ્રકાશભાઈ સથવારા નામનો કર્મી પણ કોરોનાની ઝપેટમાં આવતા હડકંપ મચ્યો છે. કોરોના પોઝેટીવ યુવકે ડાયાલીસ સેન્ટરમાં ૩૫ કીડનીની બીમારીથી પીડાતા દર્દીઓએ ડાયાલિસીસ કર્યુ હતું. ઘાંચી આરોગ્ય કેન્દ્રના ડાયાલીસીસ સેન્ટરમાં કોરોનગ્રસ્ત મૃતક યુવક હનીફ ઉસ્માનગની ગુજરાતીની માતાનું ડાયાલીસીસ કર્યું હોવાનો ઘટસ્ફોટ થતા વધુ એક લોકલ સંક્રમિત કોરોનાનો કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે. આયોગ્ય તંત્રે ડાયાલીસીસ સેન્ટરમાં ડાયાલીસીસ કરવાના ૩૫ દર્દીઓની યાદી મેળવવા તજવીજ હાથ ધરી હતી ઘાંચી આરોગ્ય મંડળે ડાયાલીસીસ સેન્ટર બંધ કરી દીધું હતું.

મોડાસા શહેરમાં કોરોનાનો બૉમ્બ વિસ્ફોટ થયો છે શહેરમાં અત્યાર સુધી ૨૪ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે જેમાં મોટા ભાગના કોરોના કેસ લોકલ સંક્રમણના સાથે સંકળાયેલા છે. મૃતક કોરોનાગ્રસ્ત યુવકના પરિવારના ૧૬ લોકો અત્યાર સુધી કોરોનાની ઝપેટમાં આવી ગયા છે ત્યારે મૃતક યુવકની માતાનું ડાયાલીસીસ કરનાર ટેકનીશીયન પણ કોરોનાની ઝપેટમાં આવતા શહેરીજનોમાં કોમ્યુનીટી ટ્રાન્સ્મીશનનો ખતરો મંડરાઈ રહ્યો છે. સતત વધી રહેલા કોરોનાનાં દર્દીઓથી વહીવટી અને આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે.

ધનસુરા તાલુકાના બિલવણીયામાં કોરોનાનો એક કેસ નોંધાયો

ધનસુરા તાલુકાના બિલવણીયામાં કોરોનાનો ૧ કેસ નોંધાયો હતો. ધનસુરા તાલુકાના બિલવણીયા ગામના અરવિંદભાઈ હીરાભાઈ ચમાર ઉંમર-૪૯ને કોરોના પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગ ધ્વારા તાત્કાલિક ધોરણે તકેદારી ના પગલાં ભરવામાં આવી રહ્યા છે. તેઓ અમદાવાદ ગોમતીપુરા માં નોકરી કરતા હતા તેઓ એ.ટી.એમ.માં સિક્યોરિટીમાં નોકરી કરતા હતા. તેઓ ૧ તારીખે અમદાવાદથી બિલવણીયા આવ્યા હતા. ત્યારબાદ આરોગ્ય વિભાગ દ્વારા તેમનું ચેક અપ કરવામાં આવ્યું હતું અને રીપોર્ટ કરાવવામાં આવ્યો હતો. ચેક કર્યા બાદ ગઈકાલે ૮ તારીખે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ધનસુરા તાલુકામાં છેવાડિયા, ધનસુરા બાદ બિલવણીયામાં કેસ નોંધાયો છે. કેસ નોંધાતા આરોગ્ય વિભાગ ધ્વારા તેઓ કોના કોના સંપર્કમાં આવ્યા છે. સેનેટાઈઝિંગ અને હોસ્પિટલમાં દાખલ કરવાની કામગીરી ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ શરુ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકા અનુભવાતાં લોકોમાં ફફડાટ

ગાંધીનગર,તા.૯

કોરોનાની મહામારી વચ્ચે સૌરાષ્ટ્રમાં બે જગ્યાઓ પર ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. જૂનાગઢ અને ગીર સોમનાથમાં ભૂકંપના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આંચકા આવતાની સાથે કેટલાક લોકો તેમના ઘરની બહાર આવી ગયા હતા. જો કે સદનસીબે ભૂકંપની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, રાજયમાં એક તરફ કોરોનાના કારણે લોકોમાં ડરમાં ડરનો માહોલ જોવા મળ્યો છે અને બીજી તરફ સૌરાષ્ટ્રમાં બપોરના સમયે એકાએક આવેલા ભૂકંપના આંચકાના કારણે લોકોના ડરનો માહોલ જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્રના જૂનાગઢ અને ગીર સોમનાથમાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. ભૂકંપનું એપિસેન્ટર પોરબંદરથી ૪૪ કિલોમીટર દૂર હોવાનું જાણવા મળ્યું હતું. બપોરના સમયે લોકો તેઓના ઘરમાં આરામ કરી રહ્યા હતા ત્યારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ એકાએક ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપના આંચકાથી ડરી ગયેલા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આ ભૂકંપની તીવ્રતા ૪ હોવાનું જાણવા મળ્યું હતું. ભૂકંપની તીવ્રતા ૪ હોવાના કારણે જમીન પર બાંધવામાં આવેલાં મકાનો પર પણ તેની અસર જોવા મળી હતી. સ્થાનિક વિસ્તારના મકાનોમાં પણ થોડી-થોડી ધ્રુજારી જોવા મળતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, સૌરાષ્ટ્રમાં કેટલાક સમયથી ભૂકંપના આંચકા અનુભવાયા નથી. પરંતુ લાંબા સમય બાદ ભૂકંપનો આંચકો અનુભવાતા લોકો ભયભીત થયા છે. તો બીજી તરફ પોરબંદરથી માંગરોળની આસપાસના વિસ્તારોમાં ભૂકંપની તીવ્રતા વધુ જોવા મળી હતી. સદનસીબે આ ભૂકંપના આંચકામાં કોઈ જાનહાની થવા પામી નથી.

વિંગ્સ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાતમંદ પરિવારોનો સર્વે કરી અને તંત્રનો સહયોગ મેળવી અનાજની કીટ તેમજ માસ્કનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

રોગ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યકરો અને મારા શુભેચ્છકોએ છેલ્લા બે દિવસથી ભારે ચિંતા વ્યક્ત કરી છે. હું તેમની ચિંતાને અવગણી શકતો નથી. તેથી, હું આજે સ્પષ્ટ કરવા માંગુ છું કે હું સંપૂર્ણ સ્વસ્થ છું અને મને ઘણા રોગો નથી. હિન્દુ માન્યતાઓ અનુસાર એવું માનવામાં આવે છે કે આવી અફવા આરોગ્યને મજબૂત બનાવે છે. હું આવા બધા લોકોને આશા રાખું છું કે તેઓ મને મારું કાર્ય કરવા દેશે અને તેમની અર્થહીન વસ્તુઓ છોડી દેશે અને પોતાનું કામ કરશે. મારી ચિંતા પૂછવા માટે અને મારી ચિંતા કરવા બદલ હું મારા શુભેચ્છકો અને પક્ષના તમામ કાર્યકર્તાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. જેમણે આ અફવા ફેલાવી છે તેની પ્રત્યે મારી પાસે કોઈ ઈચ્છાશક્તિ અથવા દ્વેષ નથી.

૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બે કેસમાં એક પુરૂષ દર્દી અને મહિલા દર્દી છે. રાંધેજામાં પણ એ.પી.એમ.સી. આલમપુર ખાતે કામ કરતો હોવાનું જાણવા મળેલ છે અને તે ત્યાં સંક્રમિત થયો હતો. આજે છાલા ખાતે સ્ટાફ નર્સ તરીકે ફરજો બજાવતી મહિલા કર્મચારીને કોરોના પોઝીટીવ આવતાં તંત્રએ આંચકો અનુભવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે અંગેની વિગતો મેળવાઈ રહી છે. છાલાની નજીક વાસણા ચૌધરી અને અન્ય વિસ્તારો દહેગામ તાલુકાના આવેલા છે. ત્યાંથી કદાચ કોઈ સાયલન્ટ કેરિયર આવ્યુ હોય અને તે સંક્રમિત થઈ હોય તેમ હાલ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર તાલુકા પછી કલોલ તાલુકામાં એક જ ફ્લેટમાંથી ૬ કેસ એક સાથે સામે આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

કલોલના હિંમતલાલ પાર્ક સોસાયટીમાં અગાઉ કોરોના સંક્મિતના કેસ નોંધાયા બાદ આજે ૬ કેસ એક સાથે નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આજે નોંધાયેલા આ ૬ કેસમાં ૩ પુરૂષ અને ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. માણસા તુકાના બદપુરા ખાતે પણ આજે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાના પરિવારમાં અગાઉ એક કેસ પોઝીટીવ આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે મોડી સાંજે ગાંધીનગર તાલુકાના શેરથા, અડાલજ અને ખોરજ ખાતે ૧-૧ કેસ વધુ મળી આવ્યા છે. અડાલજમાં આરોગ્ય વિભાગના કર્મચારીનો કેસ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર તાલુકાના કેસોની સંખ્યા ૧૦ થવા જાય છે. આ ઉપરાંત કલોલ શહેરમાં આવેલ ઊંડાવાસમાંથી એક અને પલસાણા ગામેથી એક એમ બે નવા કેસ મળી આવ્યા છે. કલોલમાં આ બે કેસ સાથે કુલ આંક ૮ થવા જાય છે.

દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ખાતે પણ વધુ એક કેસ મળી આવેલ છે. જે સંક્રમિત યુવકના પરિવારનો હોવાનું જાણવા મળેલ છે. આમ એક જ દિવસમાં ગ્રામ્ય વિસ્તારમાં વીસ કેસ નોંધાતાં આરોગ્યતંત્ર અવાક બની ગયુ છે. તંત્ર દ્વારા આજે નોંધાયેલ કેસોના વિસ્તારમાં સેનીટાઈઝેશન ઉપરાંત સઘન સર્વેલન્સ હાથ ધરી દેવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં આજે મળેલા કેસોને પગલે જિલ્લા પંચાયતનું તંત્ર પણ હરકતમાં આવ્યુ છે. ગાંધીનગર તાલુકાના ૧૨ થી વધુ ગામોમાં લોકડાઉનનો કડક અમલ કરવામાં આવશે તેવા આદેશો સાથે આ ગામોમાં માત્ર ને માત્ર દૂધ અને દવા સિવાયની તમામ દુકાનો બંધ રહેશે. ૧૭ મે સુધી આ આદેશો અમલમાં રહેશે.

મોડા દાખલ થતાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં કોરોના વાયરસનો વિસ્ફોટ યથાવત છે. ગુજરાતમાં અમદાવાદ કોરોનાનું કેન્દ્ર બન્યું છે ત્યારે ૩૦૦થી વધુ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે. અમદાવાદમાં ૫૨૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. આ બધાની વચ્ચે ગૃહમંત્રી અમિત શાહના આદેશથી એઈમ્સ (દિલ્હી)ના ડાયરેક્ટર ડૉ.રણદીપ ગુલેરિયા અને ડૉ.મનીષ સુરજા અમદાવાદ પહોંચ્યા હતા.. બંને સિવિલ હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સિવિલ હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલના ડૉક્ટર્સને કોરોનાની સ્થિતિ પર કાબૂ મેળવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

આજે સવારથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગના સચિવ ડો. જયંતી રવિ, સિવિલમાં તાત્કાલિક એમ.એમ. પ્રભાકર સહિતના સિનિયર ડોકટરો સાથે કોરોનાની સારવાર અને તેની માહિતી અને પ્રેઝન્ટેશન અંગેની બેઠકો થઈ હતી. ત્યારે ડો.રણદીપ ગુલેરીયા અને મનીષ સૂનેજાએ અમદાવાદ મેડી સિટી કેમ્પસમાં અસ્મિતા ભવન ખાતે સ્થાનિક તબીબો સાથે બેઠક યોજી તેમનું માર્ગદર્શન કર્યું હતું.

ડૉ.રણદીપ ગુલેરીયાને હોસ્પિટલમાં આઈસીયુ એક ફ્લોર પર જ રાખવા સલાહ આપી હતી. ત્યારબાદ પીપીઈ કિટના ઉપયોગ અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, હોસ્પિટલમાં તબીબો અને દર્દી વચ્ચે સારુ સંકલન જોવા મળ્યું છે. છેલ્લા ૨ મહિનાથી એઈમ્સ પણ સ્ટાફના સંપર્કમાં છે. કેટલાક દર્દીઓમાં કોરોનાના સામાન્ય લક્ષણો દેખાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પોઝિટિવ લોકો આઈસોલેટ થશે તો ઈન્ફેક્શન બીજા લોકોમાં નહીં ફેલાય. કોરોનાથી ડરવાની જરૂર નથી, પણ બિમાર લોકોએ સતર્ક રહેવાની જરૂર છે.

ડિસ્ચાર્જ બાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેન્ટરમાં ઓક્સીજન બેડ પર રાખવામાં આવશે. તેણે બોડી ટેમ્પ્રેચર અને ઓક્સીજન સૈચુરેશન ચેકમાંથી પસાર થવું પડશે. જો તાપ ત્રણ દિવસમાં ઉતરી જાય છે અને દર્દીનું આગામી ૪ દિવસ સુધી સૈચુરેશન લેવલ ૯૫ ટકાથી વધુ રહે છે તો દર્દીને ૧૦ દિવસ બાદ રજા આપી શકાય છે. પરંતુ તાવ, શ્વાસ લેવામાં તકલિફ અને ઓક્સીજનની જરૂરીયાત ન હોવી જોઈએ. તેવામાં દર્દીનો ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટ કરવામાં આવશે.

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના મામલા વધવાની ગતિ ફરીથી વધી ગઈ છે. હવે ભારતમાં કોરોનાના મામલા ૧૦ દિવસમાં ડબલ થઈ રહ્યાં છે, જે થોડા દિવસ પહેલા ૧૩ દિવસ પર પહોંચી ગયા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર કુલ મામલા વધીને ૫૯,૬૬૨ પર પહોંચી ગયા છે, જેમાં ૧૯૮૧ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૩૨૦ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા ચાર દિવસથી કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યાં છે.

રિવર્સ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી રહ્યું છે. લોકો સરકારની સૂચનાનું પાલન કરી રહ્યા છે. એઈમ્સના ડિરેક્ટર ડો.ગુલેરિયાએ જણાવ્યું હતું કે જૂન-જુલાઈમાં કોરોના કેસ શિખરે પહોંચી શકે છે. આ અંગે આરોગ્યમંત્રીએ કહ્યું, મારી પાસે કંઈ નથી. મને ખબર નથી કે તેણે વિચારીને આ નિવેદન આપ્યું છે કે નહીં, પરંતુ વ્યક્તિગત રીતે હું કહી શકું છું કે હું આશાવાદી છું. આવતા અઠવાડિયામાં, તે ધીરે ધીરે સંપૂર્ણપણે ફ્લેટ અને વિપરીત બનશે. અમને કોરોના સામેના યુદ્ધમાં નિશ્ચિતરૂપે નિર્ણાયક વિજય મળશે. આરોગ્યમંત્રીએ કહ્યું કે આજે એક લેબમાંથી ૪૫૨ લેબ બનાવવામાં આવી છે. આજે દરરોજ ૮૦ હજારથી વધુ પરીક્ષણો લેવામાં આવી રહ્યા છે. અમે ૩૧ મે સુધીમાં ૧ લાખ પરીક્ષણો કરવાનું કહ્યું હતું.

શક્યતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આસપાસ નેગેટીવ લીસ્ટની યાદી બહાર પાડે તેવી શકયતા છે. જેમા આરોગ્ય, ગૃહ અને ઈકોનોમીક મંત્રાલયોના ઈનપુટનો સમાવેશ હશે. સરકાર એવી મંજુરી આપવા માગે છે કે જેથી આર્થિક પ્રવૃતિ ચાલી શકે જે દરમિયાન સેનીટેશન અને સોશ્યલ ડીસ્ટન્સના નિયમોનું પાલન કરવાનુ રહેશે. જો કે સરકાર પાસે એવી આશંકા છે કે આનાથી ઈન્સ્પેકટર રાજ આવી શકે છે, વિદેશ ઈન્વેસ્ટરો દૂર થઈ શકે છે. ઉપરાંત સરકાર મલ્ટીપલ ગાઈડલાઈન્સ બહાર પાડે તેનાથી ગુંચવાડો પણ થઈ શકે છે.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

કક્ષામાં હોય છે. જેમાં (૧). 'માઈલ્ડ' (૨). 'મોડરેટ' (૩). 'સિવિયર' અને (૪). 'ક્રિટીકલ'. આમાં, ૮૦ ટકા લોકો 'માઈલ્ડ' કેટેગરીમાં હોય છે. તેઓ સારવાર વિના પણ પાંચ સાત દિવસમાં સાજા થઈ જાય છે. ૧૫ ટકા લોકો 'મોડરેટ' કેટેગરીમાં હોય છે તેઓ સામાન્ય સારવાર મળવાથી સાજા થાય છે. બાકીના પાંચ ટકામાંથી ચાર ટકા 'સિવિયર' કેટેગરીમાં આવે છે જેઓને સઘન સારવાર (ઈન્ટેન્સીવ કેર) આપવી પડે છે. સઘન સારવાર મળવાથી મહદ અંશે તેઓ બચી જાય છે. હવે બાકીના એક ટકો લોકો 'ક્રિટીકલ' કક્ષામાં આવે છે અને તેઓ અત્યંત જોખમી સ્થિતિમાં ગણાય. તેઓમાં કેન્સર, ડાયાબીટીસ, હૃદયરોગ, બ્લડપ્રેશર, ફેફસાંની કોઈ બીમારી બેકાબુ હોય તો આવા કેઈસ ફેઈલ થવાની શક્યતા વધારે રહેતી હોય છે. કોરોનાથી ભય પામવાની કે ગભરાવાની કોઈ જરૂર જ નથી, જરૂર છે અત્યંત જાગૃતિ અને પૂરી તકેદારી રાખવાની.''

સસ્તો સાબુ પણ કારગર:

ડૉ. જી. યુ. મહેતાએ કોરોનાના ચેપથી બચવા અંગે જણાવ્યું કે, ''સંક્રમિત વ્યક્તિ છીંક કે ઉધરસ ખાય એટલે લાળ, થૂંક અને કફની સાથે કોરોના વાયરસ પણ બહાર ફેંકાય છે જે તેની આસપાસ છ ફૂટના પરિઘમાં રહેલી વ્યક્તિઓને પણ સંક્રમિત કરે છે. આથી સંક્રમિત વ્યક્તિએ અને તેની સાથે રહેતા લોકોએ 'માસ્ક' પહેરવું અને નિકટના સંપર્કથી દૂર રહેવું અતિ આવશ્યક છે. સંક્રમિત વ્યક્તિ જે ચીજોને સ્પર્શ કરે એ તમામ ચીજોની સપાટી પર કોરોના વાયરસ ૧૨થી ૭૨ કલાક સુધી જીવિત રહે છે એટલે એવી કોઈપણ ચીજથી દૂર જ રહેવું જોઈએ અને સમયાંતરે સાબુથી હાથ ધોતાં રહેવું જોઈએ. તેમણે કહ્યું કે, આ માટે મોંઘા સાબુ વાપરવાની કોઈ જ જરૂર નથી, કપડાં ધોવાનો સસ્તામાં સસ્તો સાબુ પણ ઉપયોગમાં લઈ શકાય છે; શરત એટલી જ કે, સતત ૨૦ સેકંડ સુધી હાથમાં સાબુના ફીણ ચોળીને એકદમ સારી પેઠે ધોવા જોઈએ.''

તૈલી પદાર્થની નીચે જીવે છે વાયરસ:

બીજી એક મહત્વની વાત કરતાં ડૉ. મહેતાએ જણાવ્યું કે, ''કોરોના વ